ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪, તેમાં ફેરફાર કરવા બાબત...

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૨૦૦૦-૧૭૬૪-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૯/૨૦૦૩.

**વંચાણમાં લીધા:-**

(૧) નાણાં વિભાગનો તા.૧૬/૭/૯૯નો ઠરાવ ક્રમાંક: એલવીઈ/૧૦૯૯-૧૦૨૪-પ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૨૩/૯/૯૯નો પત્રક્રમાંક: બમશ/૧૧૯૯-૨૩૪૬-ગ.
(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: માશબ/ગ-ટે.૬/૭૮૯.

**ઠરાવ:-**

ઉપર આમુખ ક્રમાંક(૧) અને (૨)માં જણાવેલા અનુક્રમે નાણાં વિભાગના તા.૧૬/૭/૯૯ના ઠરાવથી અને શિક્ષણ વિભાગના તા.૨૩/૯/૯૯ના પત્રથી હક્ક રજા અંગે કરેલ જોગવાઈઓને અનુરૂપ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં હક્ક રજા અંગે કરેલ જોગવાઈઓમાં તે મુજબ સુધારો કરવાની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ઉપર આમુખ ક્રમાંક(૩)માં જણાવેલા તા.૧/૨/૦૩ના પત્રથી કરેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાના અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૩૦(૭)(ક) અને વિનિયમ ક્રમાંક:૩૦(૭)(ખ)(૧) નીચે મુજબ સુધારવાનું આથી ઠરાવવામાં આવે છે.

**વિનિયમ ક્રમાંક:૩૦(૭)(ક):-**

બિન સરકારી માધ્યમિક શાળાઓનાં શિક્ષકોને વેકેશન દરમ્યાન સરકારી/બોર્ડની કામગીરી માટે ફરજીયાત રોકવામાં આવે ત્યારે તેઓએ નહી ભોગવેલ વેકેશનનાં સમયગાળા માટે તેઓનાં ખાતે રજા જમા કરવા માટે "સુધારેલા રજાના નિયમો"ના નિયમ-૯ અને નિયમ-૯(એ)ની જોગવાઈઓને અનુરૂપ કાર્યવાહી કરવાની રહેશે. અને તે મુજબ વેકેશન ભોગવતા શૈક્ષણિક કર્મચારીઓને હક્ક રજા (ઇએલ) મળવાપાત્ર થશે.

આ પ્રકારની હક્ક રજા ઓછામાં ઓછી એક વર્ષની નોકરી પુર્ણ કરનાર કર્મચારીને જ મળવાપાત્ર થશે. આવી હક્ક રજા જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૩૦ દિવસ કરતાં વધે નહી તે રીતે મંજુર કરવાની રહેશે.

વધુમાં આવા સભ્યોને તેની લેણી નીકળતી હક્ક રજા ૩૦૦ દિવસની થાય કે તુરત જ હક્ક રજા પ્રાપ્ત થતી બંધ થશે. આ જોગવાઈઓનો અમલ તા.૧/૭/૯૭થી કરવાનો રહેશે.

**વિનિયમ ક્રમાંક:૩૦(૭)(ખ)(૧):-**

બિન-અધ્યાપકીય સ્ટાફનાં સભ્ય તથા આચાર્ય કોઈ પણ વેકેશન માટે હકદાર થશે નહી, પણ નોકરીનાં પુરા વર્ષ માટે ૩૦ દિવસ લેખે ફરજનાં વર્ષ દીઠ હક્ક રજા મળશે.

રાજ્યની તમામ બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્ત રજા/અર્ધપગારી રજાનું નિવૃત્તિ સમયે કુલ ૩૦૦ દિવસની રજાઓનું રોકડમાં રુપાંતર કરવાનું રહેશે.

બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં બિન શૈક્ષણિક કર્મચારીઓને અર્ધપગારી રજાઓનું રોકડમાં રુપાંતરનો લાભ મળી શકશે નહી. પરંતુ તેઓના ખાતે જમા પ્રાપ્ત રજાઓનું નિવૃત્તિ સમયે મહતમ ૩૦૦ દિવસની મર્યાદામાં રોકડમાં રુપાંતરનો લાભ મેળવી શકશે. આ જોગવાઈઓનો અમલ તા.૧/[illegible]/૧૯૯૭થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તથા તેમના નામે,

સહી/-
(મનહર આર. ચૌધરી
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.